## જન્મદિને વધામણી



**ચીમનલાલ એમ પટેલ**
મો. ૯૭૧૨૭ ૩૪૬૭૦



**અશ્વિન જે જાટીયા**
નાયબ સેક્શન અધિકારી
સામાન્ય વહીવટ વિભાગ
મો. ૯૮૨૪૬ ૩૯૩૭૫



**નેહા રમેશભાઈ પ્રજાપતિ**



**ખુશ હાર્દિક પરીખ**
મો. ૯૪૨૬૦ ૨૭૪૫૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# સૅટરડે નાઈટ્સ બની થર્સડે નાઈટ





સૅટરડે નાઈટ્સના માધ્યમથી નગરજનોને નિ:શુલ્ક મનોરંજન પિરસતા ગાંધીનગરના યુવા કલાકારોએ ગુરુવારે સૅટરડે નાઈટ્સને થર્સડે નાઈટ બનાવી દીધી હતી. જયાપાર્વતી વ્રતના જાગરણ નિમિત્તે સ્વર્ણિમ પાર્કમાં ઉપસ્થિત થયેલી મેદનીને નિ:શુલ્ક મનોરંજન આપવા માટે યુવાનોએ કમર કસી હતી અને ત્રણ કલાકનો ભરચક્ક કાર્યક્રમ આપ્યો હતો. સૅટરડે નાઈટ્સ અંતર્ગત લગ્નેતર સંબંધો પર આધારિત બહુ વખણાયેલા અને પાંચેક હપ્તા ચાલેલા નાટક 'બેવફા સાજણ'ની સળંગ પ્રસ્તુતિ આ વિશેષ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવી હતી. આ ઉપરાંત હવે સૅટરડે નાઈટ્સનો એક હિસ્સો બની ચૂકેલી સિંગીંગ અને ડાન્સિગની ઈવેન્ટ્સ તો ખરી જ. ત્રણેક કલાકનું મસ્ત મનોરંજન આપીને આ શોના માધ્યમથી ગાંધીનગરના યુવા કલાકારોએ ભરચક્ક મનોરંજન પિરસ્યું હતું અને ઉપસ્થિત વિશાળ શ્રોતાગણ માટે જાગરણની રાતને યાદગાર બનાવી દીધી હતી.

એ ઉપરાંત આ કલાકારોએ રૅગ્યુલર સૅટરડે નાઈટ તો આયોજિત કરી જ હતી. સૅટરડે નાઈટ્સની બીજી સિઝનના પંદરમા ઍપિસોડમાં બાળપણને યાદ કરવા ને કરાવવામાં આવ્યું હતું. માણસ જ્યારે નાન હોય છે ત્યારે કેટલો નિર્દોષ હોય છે ને કેવી બાલિશ રમતો રમતો હોય છે ! પરંતુ એ જ્યારે મોટો થાય છે ત્યારે ? નાનપણમાં રમતાં હોય છે એ રમતો જ નહીં, પરંતુ નાનપણની બાબતોય એમને બાલિશ લાગે છે. પોતે જાણે છે કે મોટાં થઈને પોતે જે કરી રહ્યા છે એ નિર્દોષ નથી, પરંતુ તેમ છતાં બાળપણ જેવા નિર્દોષ થઈ શકતા નથી. આવી જ જાણી-અજાણી અને હૃદયને સ્પર્શી જતી બાબતો સાથે આ કલાકારોએ 'બાળપણ' વિષયે નાટક પ્રસ્તુત કરી સ્વર્મિ પાર્કના સમગ્ર માહોલને થોડીવાર માટે બાળક જેવો નિર્દોષ, યાદગાર ને મસ્ત બનાવી દીધો હતો. એ પછી નિત્યક્રમ મુજબ સિંગિંગ અને ડાન્સિગની કૃતિઓ પ્રસ્તુત થઈ હતી.

## નવા ચૂંટાયેલા નગરસેવકો માટે બાળ અધિકારો અને કાયદાઓ વિષયે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવીણભાઈ પટેલના પ્રમુખપદે જિલ્લા બાળ સુરક્ષા કચેરી, ગાંધીનગરના ઉપક્રમે શુક્રવારે ગાંધીનગર શહેરના ચૂંટાયેલા નગરસેવકો માટે બાળ અધિકારો અને કાયદાઓ વિષય પર એક જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

મેયર ઉપરાંત ડેપ્યુટી મેયર, મ્યુનિસિપલ કમિશનર તથા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ જાગૃતિ કાર્યક્રમમાં મેયરે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે બાળ સુરક્ષા એ ખૂબ સંવેદનશીલ વિષય છે. બાળકો પરની કામગીરી એ કોઈ એક વિભાગ કે કચેરીનું કામ નથી, આપણા સૌની જવાબદારી છે. એકબીજા સાથે સંકલનમાં રહીને વધુ ને વધુ બાળકોને યોજનાકીય લાભ અપાવી શકાય એ આપણું લક્ષ્ય હોવું જોઈએ. તેમણે ઉપસ્થિત સૌને કોઈપણ બાળક ભિક્ષાવૃત્તિ કરતું, નિરાધાર, અનાથ, બાળમજૂરી કરતું જણાય તો જિલ્લા બાળ સુરક્ષાની કચેરી સાથે સંકલન સાધવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, લીગલ કમ પ્રૉબેશન અધિકારી તથા સુરક્ષા અધિકારી (બિનસંસ્થાકીય સંભાળ) દ્વારા બાળ અધિકારો, જુવેનાઈલ જસ્ટિસ (કૅર ઍન્ડ પ્રૉટેક્શન) ઑફ ચિલ્ડ્રન ઍક્ટ-૨૦૧૨, સંકલિત બાળ સુરક્ષા યોજના, દત્તક વિધાન વગેરે વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## પિલવાઈ કૉલેજમાં કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૨૪

વિજાપુર તાલુકાની પ્રતિષ્ઠિત પિલવાઈ કૉલેજમાં શનિવારે તાલુકા કાનૂની સેવા સમિતિ, વિજાપુર તથા પિલવાઈ કૉલેજના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને કાનૂની માર્ગદર્શન મળી રહે તે હેતુથી કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ એમ એ ટેલરે વિદ્યાર્થીઓને બંધારણના મૂળભૂત અધિકારો અને ફરજો વિષય પર મનનીય પ્રવચન આપ્યું હતું. કૉલેજના વિદ્યાર્થીઓ માટે ઍન્ટી રૅગીંગ ઍક્ટ વિષય પર વિજાપુરના ત્રીજા ઍડિશનલ જજ ઍમ ઍસ સોની દ્વારા માહિતીસભર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. સંસ્થાના કૉમર્સના વિદ્યાર્થીઓએ શિબિરમાં પ્રશ્નોત્તરીમાં પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ શિબિરમાં વિજાપુર બાર ઍસોસિએશનના પ્રમુખ એસ એન સાધુ તથા મંત્રી આર આર દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના આચાર્ય ડૉ. સંજય શાહે વિદ્યાર્થીઓને કાનૂની શિક્ષણનું મહત્ત્વ સમજાવી શિબિરનો મહત્તમ લાભ લેવા જણાવ્યું હતું. સંચાલક મંડળના મંત્રી તથા અગ્રણી વકીલ પી પી વ્યાસની ઉપસ્થિતિ પણ પ્રેરક રહી હતી.

સમગ્ર કાર્યક્રમનો સફળ બનાવવા કોમર્સ વિભાગના ફૅકલ્ટી ઈન-ચાર્જ ડી જે શાહ અને અન્ય અધ્યાપક મિત્રોએ સહયોગ આપ્યો હતો. કૉમર્સ વિભાગના અધ્યાપક એસ એસ મિર્ઝા દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
કબાલી (હિન્દી)
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૨**
કબાલી (હિન્દી)
૧૨.૩૦
મદારી
૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
**સ્ક્રીન-૩**
સ્ટાર ટ્રેક બિયોન્ડ
(૩ડી-અંગ્રેજી)
૪.૦૦, ૧૦.૧૫
સ્ટાર ટ્રેક બિયોન્ડ
(૩ડી-હિન્દી)
૧૧.૪૫, ૨.૦૦, ૭.૦૦
**સ્ક્રીન-૪**
ઈશ્ક ક્લિગ
૧૨.૩૦
સુલતાન
૬.૩૦
કબાલી (તમિલ)
રાત્રે ૯.૩૦
**સ્ક્રીન-૫**
કબાલી
૧૦.૦૦
મદારી
૧૨.૪૫
સુલતાન
૩.૧૫, ૯.૪૫

## જી.આઈ.પી.એસ. સ્કૂલ ખાતે જીવન પદ્ધતિ પર પ્રવચન યોજાયું

ગાંધીનગર, તા. ૨૪

રોજડ આશ્રમ નિવાસી શ્રી સ્વામી વિવેકાનંદ પરીવ્રાજકનું તા. ૨૧-૭-૨૦૧૬ના રોજ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં આગમન થયું હતું. જેઓ દિલ્હી યુનિ.માં બી.કોમ થયેલા છે. જેમણે નેપાળ, યુકેના દેશોમાં પણ પ્રવાસ કરેલ છે. જેઓ શાળા, યુનિ. અને કોર્પોરેટ જગતમાં 'જીવન પદ્ધતિ અને ડીસીપ્લીન' વિશે પ્રવચનો આપી લોકોને સમજાવે છે. તેમણે જીંદગી બદલવા શું કરવું - તે માટે રોજ ગાયત્રી મંત્રનો જાપ કરવાથી શાંતિ મળે છે તેમજ નિત્ય દરરોજ સવારે વહેલા ઉઠી અને સાંજે સુતા પહેલા પ્રાર્થના કરવી જોઈએ તેવી સારી અને ખરાબ બાબતો વિશે બાળકોને સમજાવ્યું હતું. 'જીવન પદ્ધતિ અને ડીસીપ્લીન' જીવનમાં સફળ થવા કેવો મહત્વનો ભાગ ભજવે છે તે વિશે બાળકોને સમજાવ્યું હતું. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ અંતમાં તેમની સાથે પ્રશ્નોત્તરી કરી હતી.

### ગુજરાત સરકારના શૈક્ષણિક ટૅકનોલૉજી ભવન અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન દ્વારા

# ઝવેરચંદ મેઘાણીના જીવન પર ડૉક્યુ-ડ્રામા

ગુજરાત સરકારનાં ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન અને ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી સ્થાપિત ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનાં જીવન અને કાર્યને નિરૂપતી ડોક્યુ-ડ્રામા ફિલ્મનું નિર્માણ થશે.

અવસાનની આગલી સાંજે બોટાદ ખાતે શિક્ષકોના સંમેલનમાં ઝવેરચંદ મેઘાણીએ મનનીય પ્રવચન આપ્યું હતું તેથી શિક્ષણ વિભાગ દ્વારા નિર્માણ પામી રહેલી આ ફિલ્મનું સવિશેષ મહત્ત્વ છે.

પિનાકી મેઘાણી અને તેમના માતા કુસુમબેન મેઘાણીએ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજ્ય મંત્રી પ્રો. વસુબેન ત્રિવેદીની સૌજન્ય મુલાકાત લઈને તેમનો આભાર માન્યો હતો. શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજ્ય મંત્રી પ્રો. વસુબેન ત્રિવેદી ખૂબ લાગણીથી મળ્યાં. ખ્યાતનામ લોકગાયક અભેસિંહ રાઠોડ, ધોલેરા કેળવણી મંડળના પ્રમુખ અને ક્ષત્રીય સમાજના અગ્રણી પ્રદ્યુમનસિંહ ચુડાસમા, સુરેન્દ્રનગર સ્થિત સી. યુ. શાહ કોમર્સ કોલેજના કેમ્પસ ડીરેકટર અને ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પૂર્વ પ્રમુખ એચ. કે. દવે, નિવૃત્ત આચાર્ય જશવંતભાઈ મહેતા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. નવી પેઢીને ઝવેરચંદ મેઘાણીનાં જીવન અને કાર્યથી પરિચિત કરાવવાનાં હેતુથી બની રહેલી આ ફિલ્મ વિશે જાણીને શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજ્ય મંત્રી પ્રો. વસુબેન ત્રિવેદી આનંદ પામ્યાં હતાં તથા ફિલ્મનાં નિર્માણ માટે પૂર્ણ સહયોગ પ્રાપ્ત થશે તેવું જણાવ્યું હતું. ચોટીલા, બોટાદ, રાણપુર, ધંધુકા, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, અમરેલી, બગસરા સ્થિત ઝવેરચંદ મેઘાણીના ઐતિહાસિક સ્મૃતિ સ્થળો ખાતે આ ફિલ્મનું શૂટીંગ થાય તે પર તેઓએ સવિશેષ ભાર મૂક્યો હતો.

લોકગાયક અભેસિંહ રાઠોડના કંઠમાં ઝવેરચંદ મેઘાણી રચિત-સંપાદિત ગીતો-લોકગીતો-ભજનો તથા ઝવેરચંદ મેઘાણીના મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, કવિવર રવીન્દ્રનાથ ટાગોર સાથેના પ્રેરક પ્રસંગોનો આ ફિલ્મમાં સમાવેશ કરાશે તે જાણીને પણ ખુશી વ્યકત કરી હતી. ઝવેરચંદ મેઘાણીના વિરાટ અને વિરલ વ્યક્તિત્ત્વના વિવિધ પરિમાણને ફિલ્મ દ્વારા સુયોગ્ય રીતે ઉજાગર કરાશે તેવી શ્રધ્ધા પિનાકી મેઘાણીએ વ્યકત કરી હતી. ફિલ્મની પરિકલ્પના, સંશોધન અને લેખનનું કાર્ય પિનાકી મેઘાણીની છે. ટૂંક સમયમાં પ્રગટ થનાર પિનાકી મેઘાણી દ્વારા સંકલિત પુસ્તક મેઘાણીગાથા પર આ ફિલ્મ આધારિત છે. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ તથા ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવનના સાહિત્ય-પ્રેમી નિયામક ડો. ટી. એસ. જોષીના માર્ગદર્શન હેઠળ સંસ્થાના અનુભવી દિગ્દર્શક અશોક શેટે, કેમેરામેન જે. પી. મિસ્ત્રી, એન્જીનિયરીંગ ઈન-ચાર્જ મુકેશ ભટ્ટ અને સાથીઓ પણ લાગણીથી જહેમત ઊઠવી રહ્યા છે.

ઝવેરચંદ મેઘાણીની બહુમુખી અને મેઘાવી પ્રતિભાને પોતાના ભાવવાહી અભિનય થકી પડદા પર જીવંત કરી શકે એવા પ્રતિભાશાળી કલાકાર આવકાર્ય છે. દેખાવમાં લગભગ સાડા પાંચ ફૂટ ઉંચાઈ, મોભાદાર વ્યકિતત્ત્વ, ભરાવદાર બાંધો, ભાવવાહી આંખો હોવા જોઈએ. ઉત્સુક કલાકારોને ઝવેરચંદ મેઘાણીના ગેટ-અપમાં પોતાના ફોટા, વિડીયો-ક્લીપ, બાયો-ડેટા અને અન્ય વિગત મોકલવા પિનાકી મેઘાણીએ (મોબાઈલ/વૉટ્સએપ : ૯૮૨૫૦ ૨૧૨૭૯, ઈ-મેઈલ : pinakimeghani@gmail.com) અપીલ કરી છે.





## સૌ સખીઓને મારી મીઠી યાદ

**સંવેદના**
**મારી સ્નેહાળ સખી**

હું વૃધ્ધત્વને આરે ઊભી છું. બાળપણ અને યુવાનીના સખીઓ સાથે વિતાવેલા સંસ્મરણો મારા હૈયે જોડાઈ ગયાં છે, જે હું આજે પણ યાદ કરું છું.

આજથી ૬૦ વર્ષ પહેલાંની વાત છે. અમે સૌ સખીઓ દક્ષા, ધર્મિષ્ઠા, ક્રિષ્ના, અંજના, પ્રેમીલા સાથે ને સાથે રહીએ, અભ્યાસ, લગ્નપ્રસંગ, પિક્ચર, વાર-તહેવાર પણ સાથે ઉજવીએ. એ જમાનામાં મારું-તારું એવો ભેદભાવ નહોતો. બધું આપણું હતું. પહેલાંના જમાનામાં બદે ચાલતાં જવાનો રિવાજ. લગ્નપ્રસંગે અમારા જમાનામાં પોતાના જમાઈઓને તેમના સગા તરફથી જમવાના ૩૧, ૫૧, ૧૦૧ એવા આમંત્રણ પાસ મળે. એટલે અમે બધી સખીઓ સાથે લગ્નમાં મ્હાલિયે અને સાથે જમીએ. વાડજ, ઉસ્માનપુરા, નારણપુરા, મીઠાખળી જવું હોય તો શાહપુર બ્રિજ અને ઍલિસબ્રિજ પછી ૧૫ માથોડા ઊંડા ઓઘા (કોતરો) હોય, વચમાં ઘૂંટી ખૂંપી જાય તેટલી ધૂળ હોય. છતાં ચાલતાં જઈએ અને આનંદ કરીએ.

મારા વર્નાક્યુલર ફાઈનલની પરીક્ષાનું ગૃપ તેમાં અનસુયા, શાંતિ, પ્રેમિલા વગેરે જાની સાહેબના ક્લાસમાં ચાલતાં જઈએ. બધી સખીઓ એકબીજાના પુસ્તકો અને ગાઈડથી ભણે. મને ફી કે ચોપડાનો ખર્ચ ન કરવા દે. એકવાર કૃષ્ણ સિનેમા સામે હેવમોર રેસ્ટોરન્ટનું ઉદ્ઘાટન હતું, તે દિવસે અમે બધાએ સાથે કટલેટ, સમોસાનો નાસ્તો કરેલો. તહેવારમાં બાગ-બગીચા કે સિનેમામાં જઈએ તો એ જમાનામાં પીઝા, પાસ્તા, મેગી કે પોપકોર્ન નહોતા. ઘરેથી બનાવેલો નાસ્તો, પાણી લઈને જઈએ. અમે બધી સખીઓ ફાઈનલમાં પાસ થયેલી ત્યારે દક્ષાના ધાબે ઘરેથી લાવેલા લાડુ, ઢેબરાં, દહીં, પુરીની પાર્ટી કરેલી. આ બધું યાદ આવતાં હું આજેય ભાવવિભોર થઈ જાઉં છું.

હાઈસ્કૂલમાં હું ને મારી સખી દિવ્યા ખત્રી ચાર વર્ષ એક જ બૅન્ચ પર બેસીને ભણ્યા. અભ્યાસ કરવા પોતાની ગાઈડ્સ અને શ્યૉર સજેશન્સ સાથે. મારાં લગ્નમાં પોસ્ટકાર્ડ લખેલું તો પણ આનંદથી એણે લગ્નમાં હાજરી આપેલી.

મારી ઓફિસની સખીઓમાં વિભા, ચારૂ, ભારતી, વાસંતી, સદ્ગુણાનો તો કેમ ભૂલાય ! દર ગુરુવારે અને વરસની ચાર નવરાત્રી લેડીઝ રૂમમાં રિશેષમાં ગરબા અને ભજનની રમઝટ બોલાવીએ. મારી સખી ચારૂ, વિભા, ભારતીએ અમારા સંતાનોનાં લગ્નપ્રસંગોમાં પણ હાજરી આપી હતી. વિભાએ તો મારી દીકરીની દીકરીના જન્મ સમયે દવાખાને સતત હાજરી આપેલી અને ભાણીને ઉનનું ફ્રૉક, લેંઘી, ટોપી, મોજાં પોતાના હાથે ગૂંથીને ભેટ આપેલાં. સૌ સખીઓને મારી અંત:કરણની મીઠી યાદ.

**- ભાનુમતી સુધાકર શાસ્ત્રી**
**સેક્ટર-૨૩**

## ઈકબાલ વોરા પીએચડી થયા



ગાંધીનગર, તા. ૨૪

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગોતા અમદાવાદ ખાતે લેક્ચરર તરીકે ફરજ બજાવતા ઈકબાલહુસેન દાઉદભાઈ વોરાને ગૂજરાત વિદ્યાપીઠ તરફથી પીએચડીની પદવી એનાયત કરવામાં આવી છે. પ્રો. ડૉ. જયપ્રકાશ પંડ્યાના માર્ગદર્શન હેઠળ 'મુસ્લિમ સમુદાયમાં પ્રાથમિક શિક્ષણની પ્રવર્તમાન સ્થિતિ' વિષય પર શોધ નિબંધ રજૂ કર્યો હતો. જે શોધ નિબંધને ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ દ્વારા માન્યતા આપવામાં આવી હતી. જીસીઈઆરટીના નિયામક ડૉ. ટી.એસ. જોષી, ડાયેટના પ્રાચાર્ય દિનેશ તિવારી, શાંતિનિકેતન શાળાના આચાર્ય બીપીનભાઈ રાવલે અભિનંદન પાઠવ્યા હતા. ડૉ. ઈકબાલ વોરા ગાંધીનગરમાં આ સિદ્ધિ મેળવનાર અજમેરી સમાજના પ્રથમ વ્યક્તિ છે. ડૉ. વોરાની આ સિદ્ધિ બદલ અજમેરી સમાજના પ્રમુખ હસાનભાઈ અજમેરી અનો પરિવારજનોએ બિરદાવી શુભેચ્છા પાઠવી હતી.